# IITGnમાં દેશ, વિદેશના રિસર્ચર બ્લેક હોલ પર પોતાનાં પેપર રજૂ કરશે

આઈ.આઈ.ટી. ગાંધીનગર ખાતે બ્લેક હોલ ઉપર ૫ દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ક્લાસિકલ અને ક્વોન્ટમ ગ્રેવિટી ઉપર સ્ટુડન્ટ્સને માર્ગદર્શન આપવામાં આવશે. આ ઈવેન્ટ પ્રોફેસર સી. વી. વિશ્વેશ્વરાની યાદમાં યોજવામાં આવી છે. વર્કશોપના પહેલા દિવસે બ્લેક હોલ થિયરી અને ગ્રવિટેશનલ વેવ ઉપર લેકચર આપવામાં આવ્યું હતું, જ્યારે ચેન્નાઈ મેથેમેટિકલ ઈન્સ્ટિટ્યૂટમાંથી ખાસ ઉપસ્થિત રહેલા અમિતાભ વીરમણીએ બ્લેક હોલ થિયરી ઉપર મેથેમેટિક્સ આસ્પેક્ટથી સમજણ આપી આપી હતી. આ પ્રસંગે ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ ખાતેથી હાજર રહેલા એ. ગોપાકુમારે પ્રોફેસર વિશ્વેશ્વરાની લાઈફ અને વર્ક ઉપર વર્કશોપ તેમજ ૩૫ જેટલા રિસર્ચ પેપર રજૂ કર્યા હતાં.

Title: Researchers from worldwide will present papers on black hole at IIT-GN
Source: Sandesh (City life; pg. no. 1)
Date: 16-12-2017